# શાળા પ્રવેશોત્સવ એ PM મોદીની દીર્ઘદ્રષ્ટિ છે

ઈતિહાસની સૌથી મોટી વિશેષતા એ છે કે એ મોટાભાગે એવી ક્ષણોમાં રચાતો હોય છે, જ્યારે કોઈની નજરમાં તે ક્ષણ અસામાન્ય કે વિશેષ નથી હોતી. એક બાળકનો પ્રથમ વખત શાળામાં પ્રવેશ થવો એ પણ આમ તો એક સામાન્ય ઘટના જ લાગે છે. પણ જે નજરો આ સામાન્ય લાગતી બાબતમાં ઊંડાણ જુએ છે. તે જાણે છે કે એ એક નાનકડા પગલામાં કેટલીય પેઢીઓનું ભવિષ્ય સમાયેલું હોય છે. જ્યારે આપણે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને આપણા વર્તમાન માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટિથી શરૂ કરવામાં આવેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાની 23 વર્ષોની ગૌરવશાળી યાત્રા પર નજર કરીએ છીએ, ત્યારે તે ફક્ત કોઈ સરકારી અભિયાનની સાફલ્યગાથા જ નથી લાગતી, પરંતુ તે એક એવા સામાજિક પરિવર્તનની ગાથા લાગે છે, જેણે ગુજરાતની અનેક પેઢીઓને જીવનની નવી દિશા પ્રદાન કરી છે.

જ્યારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે વર્ષ 2003માં આ અભિયાનનો પાયો નાખ્યો હતો, ત્યારે રાજ્ય અનેક સામાજિક અને વિકાસલક્ષી પડકારોનો સામનો કરી રહ્યું હતું. શિક્ષણનું ક્ષેત્ર પણ એ પડકારોમાંનું એક હતું. વર્ષ 2001-02માં શાળા છોડીને જનારા બાળકોનો દર 37 ટકાથી પણ વધુ હતો. એટલે કે લગભગ દરેક ત્રીજું બાળક શિક્ષણના મુખ્ય પ્રવાહમાંથી બહાર થઈ જતું હતું. રાજ્યના અનેક પરિવારોમાં હજુ પણ શિક્ષણના મહત્વ અંગે પૂરતી જાગૃતિનો અભાવ હતો, જ્યારે સામાજિક અને આર્થિક મર્યાદાઓના કારણે દીકરીઓના શિક્ષણને વિશેષ પડકારોનો સામનો કરવો પડતો હતો.

"શિક્ષણ માત્ર સરકારનો વિષય નહીં, પરંતુ સમગ્ર સમાજનો સંકલ્પ બનવો જોઈએ," આ વિચાર શ્રી નરેન્દ્રભાઈ મોદીનો વિચાર હતો, અને

## અતિથીની કલમે



**ભૂપેન્દ્ર પટેલ**
(મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય)

આ જ વિચારે આ અભિયાનને માત્ર એક વહીવટી કાર્યક્રમ સુધી સીમિત ન રાખતાં, જનઆંદોલનનું સ્વરૂપ આપ્યું. છેલ્લાં 23 વર્ષોથી આ પરંપરા અવિરત ચાલુ રહી છે.

કોઈ વ્યક્તિએ રજૂ કરેલા વિચારની સાચી શક્તિ તેના શબ્દોમાં નહીં પરંતુ, તે વિચારને અમલી બનાવ્યા પછી તેનાં પરિણામોમાં જોવા મળે છે. છેલ્લાં 23 વર્ષોમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાના વિચારે પણ પોતાની સાર્થકતા આ જ કસોટી પર સાબિત કરી છે. આ પહેલની સૌથી મોટી ઉપલબ્ધિ ફક્ત શાળાઓ સુધી બાળકોની પહોંચમાં થયેલો વધારો જ નથી, પરંતુ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાના માધ્યમથી શિક્ષણ દ્વારા લાખો જીવનમાં આવેલું સકારાત્મક પરિવર્તન તેની સૌથી મોટી સિદ્ધિ છે. વર્ષ 2003માં તત્કાલીન મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી જે બાળકોએ પ્રથમ વખત શાળામાં પગ મૂક્યો હતો. તેમાંથી આજે કોઈ ડૉક્ટર છે, કોઈ એન્જિનિયર, કોઈ શિક્ષક, તો કોઈ સફળ ઉદ્યોગ-સાહસિક છે; પરંતુ. આ તમામની એક સમાન ઓળખ એ છે કે શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશી વિચારસરણી અને શાળા-પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી રથયાત્રા જેવા પ્રયાસોએ તેમને શિક્ષણના માધ્યમથી પોતાનાં સપનાંઓને સાકાર કરવાની તક પ્રદાન કરી છે.

કોઈ પણ સમાજમાં કાયમી પરિવર્તન ત્યારે આવે છે, જ્યારે તે સમાજની દીકરીઓ પ્રગતિ કરે છે. આજે માતા-પિતા પોતાની દીકરીઓને શાળામાં મોકલવા સુધી જ સીમિત નથી રહેતાં, પરંતુ તેમને ઉચ્ચ શિક્ષણની નવી ઊંચાઈઓ સર કરતી અને પોતાનાં સપનાંઓને સાકાર કરતી જોવા પણ આતુર રહે છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આરંભાયેલા સામાજિક પરિવર્તનના આ સંકલ્પને વધુ મજબૂત બનાવવા માટે રાજ્ય સરકારે નમો લક્ષ્મી યોજના શરૂ કરી છે. જેની હેઠળ ધોરણ 9થી 12માં અભ્યાસ કરતી દીકરીઓને રૂ.50,000 સુધીની આર્થિક સહાય આપવામાં આવે છે. સાથે જ, વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના પણ અમલમાં મૂકવામાં આવી છે. જેના હેઠળ ધોરણ 11 અને 12માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા પાત્ર વિદ્યાર્થીઓને બે વર્ષ દરમિયાન કુલ રૂ.25,000ની સહાય આપવામાં આવે છે. અમારો દૃઢ સંકલ્પ છે કે, આર્થિક મર્યાદાઓ હવે કોઈ પણ વિદ્યાર્થીનાં સપનાંઓને અવરોધશે નહીં.

વર્ષ 2009માં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શરૂ થયેલો ગુણોત્સવ આજે ગુણોત્સવ 2.0 (GSQAC) તરીકે વિકસ્યો છે, અને શાળાઓમાં ગુણવત્તા આધારિત મૂલ્યાંકનની એક સુદૃઢ પરંપરા સ્થાપિત થઈ છે. તે જ રીતે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ને અનુરૂપ વિકસિત કરવામાં આવેલ સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક (SQAAF) અંતર્ગત શાળાઓની ગુણવત્તાના મૂલ્યાંકન માટે 211 માપદંડો નિર્ધારિત કરવામાં આવ્યા છે, જે બાળકોના સર્વાંગી વિકાસ, શિક્ષણની ગુણવત્તા અને શૈક્ષણિક શ્રેષ્ઠતાને સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. વધુમાં, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ને અનુરૂપ ગુજરાતે 5+3+3+4 શૈક્ષણિક માળખું પણ અમલમાં મૂક્યું છે અને બાલવાટિકાનું સાર્વત્રિક અમલીકરણ પણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. આ સાથે આધુનિક ટેક્નૉલૉજીએ પણ આ યાત્રામાં એક સશક્ત ભૂમિકા ભજવી છે. ડિજિટલ રીતે જન્મનોંધણીની સિસ્ટમ અને ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટિમના એકીકરણથી પ્રત્યેક બાળક સુધી પહોંચ અને તેનું સતત મોનિટરિંગ સુનિશ્ચિત થયું છે. આ ઉપરાંત, ગુજરાતનું વિદ્યા સમીક્ષા કેન્દ્ર, જે ભારતની પ્રથમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સંચાલિત શૈક્ષણિક મોનિટરિંગ વ્યવસ્થા છે, તે સમગ્ર શિક્ષણ-પ્રણાલીનું રિયલ-ટાઈમ મોનિટરિંગ કરે છે.

કોઈ પણ અભિયાનની સાચી તાકાત ત્યારે સિદ્ધ થાય છે, જ્યારે સમાજ પોતે જ તેનો ભાગીદાર બને. છેલ્લા 23 વર્ષોમાં જનતા અને વિવિધ સંસ્થાઓ દ્વારા શાળાઓને લગભગ રૂ.326 કરોડથી વધુની સહાય પ્રાપ્ત થઈ છે. એ જ રીતે, શાળા વ્યવસ્થાપન સમિતિઓમાં 75 ટકા વાલીઓની ભાગીદારી અને 50 ટકા મહિલા પ્રતિનિધિત્વે શિક્ષણને સાચા અર્થમાં એક સામૂહિક જનઆંદોલનનું સ્વરૂપ આપ્યું છે. આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક પ્રસંગે કહ્યું હતું કે, "જો આપણે વિકસિત ભારતનું નિર્માણ કરવું હોય, તો આપણા બાળકોના સપનાઓને બળ આપવું પડશે." શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાની 23 વર્ષની આ યાત્રા તેમના આ વિચારનું જીવંત પ્રતિબિંબ છે.

સમય વીતે છે, નેતૃત્વ બદલાય છે, યોજનાઓ પણ બદલાતી રહે છે, પરંતુ, કેટલાંક વિચારબીજ એવા હોય છે. જે પેઢીઓના ભાગ્યનો અભિન્ન હિસ્સો બની જાય છે. આ પહેલ એવા જ એક વિચારની જીવંત અભિવ્યક્તિ છે, જેણે લાખો બાળકોને તક, લાખો દીકરીઓને આત્મવિશ્વાસ અને સમગ્ર સમાજને નવી દિશા પ્રદાન કરી છે. ભવિષ્યની પેઢીઓ જ્યારે ગુજરાતની વિકાસયાત્રાનો ઈતિહાસ લખશે, ત્યારે પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ પ્રયાસોને એક ઐતિહાસિક સામાજિક ક્રાંતિ તરીકે હંમેશા યાદ કરવામાં આવશે.

# રામ મંદિરના દાનની ચોરી કરનારા જેલના સળિયા પાછળ ધકેલાઈ જશે?



ઉત્તર પ્રદેશમાં અયોધ્યા રામ મંદિર દાન-ચોરી પ્રકરણમાં સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) નો પ્રારંભિક તપાસ અહેવાલ સરકારને સુપરત કરવામાં આવ્યો છે. પ્રારંભિક તપાસમાં ભગવાન રામને અર્પણ કરાયેલા સોના, ચાંદીના દાગીના, હીરા અને અન્ય કિંમતી પથ્થરોના રેકોર્ડમાં ગંભીર વિસંગતતાઓ સામે આવી છે. SIT ની તપાસમાં કુંભ મેળા દરમિયાન સૌથી મહત્ત્વપૂર્ણ ગેરરીતિઓનો પર્દાફાશ થયો હતો, જ્યારે લગભગ બે મહિના સુધી દરરોજ આશરે ૧૦ લાખ ભક્તો મંદિરની મુલાકાત લેતાં હતાં અને દાનપેટીઓ બે કલાકમાં રોકડથી ભરાઈ જતી હતી. વધુમાં મંદિર ટ્રસ્ટે બજાર મૂલ્ય કરતાં વધુ કિંમતે જમીન ખરીદી હોવાનો આરોપ છે. ટ્રસ્ટે આશરે ૭૧ એકર જમીન બજાર મૂલ્ય કરતાં લગભગ ૫૦૦ થી ૮૦૦ ટકા વધુ કિંમતે ખરીદી હતી. તપાસ દરમિયાન SITને અનેક મહત્ત્વપૂર્ણ પુરાવા મળ્યા છે. તપાસ દરમિયાન SIT એ મંદિર પરિસર અને આરોપીઓનાં ઘરોનું નિરીક્ષણ કરવામાં છ દિવસ ગાળ્યા હતા. SIT એ આ સમયગાળા દરમિયાન ૧૫૦ લોકોની પૂછપરછ કરી હતી. એવું પણ કહેવાય છે કે ૨ કરોડ રૂપિયાથી વધુ રકમ રિકવર કરવામાં આવી હતી. રવિવારે SIT એ મંદિર ટ્રસ્ટ સાથે સંકળાયેલા અધિકારીઓને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી અયોધ્યા ન છોડવાનો આદેશ આપ્યો હતો.

લખનૌ ડિવિઝન કમિશનર અને SITના અધ્યક્ષ વિજય વિશ્વાસ પંતે તેમના બે સભ્યો સાથે આ પ્રારંભિક અહેવાલ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવને સુપરત કર્યો હતો. ટીમે આ મામલે FIR નોંધવાની વિનંતી કરી છે અને ટ્રસ્ટનું પુનર્ગઠન કરવાની ભલામણ કરી છે. મંદિરના CEO તરીકે એક વરિષ્ઠ અધિકારીની નિમણૂક કરવાનું પણ સૂચન કર્યું છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે આ અંતિમ અહેવાલ નથી અને તપાસ ચાલુ રહેશે. આ એક પ્રારંભિક તપાસ અહેવાલ છે, જેમાં કેટલીક મહત્ત્વપૂર્ણ માહિતી હોઈ શકે છે, કારણ કે SIT ટીમ આ બાબતની સતત તપાસ કરી રહી છે. રાજ્ય સરકાર આ અહેવાલ કેન્દ્રીય ગૃહ મંત્રાલયને મોકલશે, જે પછી આ મામલે વધુ કાર્યવાહી થઈ શકે છે. આ કેસમાં હજુ સુધી કોઈને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા નથી. SIT એ વિગતવાર તપાસ કરવા માટે વધારાના સમય અને સહાયક અધિકારીઓની વિનંતી કરી છે.

રામ મંદિરના ભંડારમાંથી ચોરીના જે ચાર મુખ્ય શકમંદો છે, તેમાં પહેલું નામ ચંપત રાયનું છે, જે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ છે. ચંપત રાય રામ જન્મભૂમિ ચળવળના મુખ્ય વ્યક્તિઓમાંના એક છે. તેઓ મંદિરની ઓડિટ સમિતિના અધ્યક્ષ પણ છે, જેઓ મંદિરમાં બેઠકો અને કાર્યક્રમોનું નિરીક્ષણ કરે છે. તેમના પર કરોડો રૂપિયાની ઉચાપત અને ગેરરીતિના આરોપો છે. વિરોધ પક્ષો અને અનેક સંતોએ તેમને હટાવવાની માંગણી કરી છે. તપાસ દરમિયાન SITએ તેમની પૂછપરછ પણ કરી છે. ચંપત રાયે જણાવ્યું હતું કે મંદિરનું આંતરિક ઓડિટ ચાલી રહ્યું છે અને કંઈ પણ શંકાસ્પદ મળ્યું નથી. બીજું નામ રામશંકર યાદવ ઉર્ફે ટીનુ યાદવનું છે, જે અગાઉ ચંપત રાયનો ડ્રાઇવર હતો અને પછીથી તેનો નજીકનો સાથી બન્યો હતો. તે અયોધ્યા અને લખનૌમાં આશરે ૫૦ કરોડ રૂપિયાની સંપત્તિ ધરાવતો હોવાનો દાવો થયો છે. તેના પર મંદિરના પ્રસાદની ચોરીમાં સામેલ હોવાનો આરોપ છે. VIP એન્ટ્રીથી લઈને પ્રસાદની ગણતરી સુધીની દરેક બાબતમાં તેનો હાથ હતો. એવો દાવો કરવામાં આવે છે કે SIT એ તેના ઘરમાંથી સોનું જપ્ત કર્યું છે. SIT એ છ દિવસમાં ઘણી વખત ટીનુ યાદવની પૂછપરછ કરી છે. ટીનુ કહે છે કે તેનો ચોરી કે ઉચાપત સાથે કોઈ સંબંધ નથી. તેણે ટેમ્પો ચલાવીને કેટલાક પૈસા કમાયા હતા.

અન્ય એક શકમંદ વ્યક્તિ ડો. અનિલ કુમાર મિશ્રા છે. તેઓ રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય છે. મંદિરના અભિષેક સમારોહ દરમિયાન તેમને મુખ્ય આશ્રયદાતા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ મંદિરમાં તમામ વહીવટી કાર્યની દેખરેખ રાખે છે. ટીનુ યાદવે દાવો કર્યો છે કે મિશ્રા

**ટુધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪**

બધા રોકડ વ્યવહારો સંભાળે છે. એક ભૂતપૂર્વ એન્જિનિયરે તેમના પર ૪૦ ટકા કમિશન લેવાનો આરોપ લગાવ્યો છે. SIT એ ડો. અનિલ મિશ્રાની ઘણી વખત પૂછપરછ કરી છે.

ચોથા શકમંદ ગોપાલ રાવ રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ખાસ આમંત્રિત છે. કર્ણાટકના રહેવાસી ગોપાલ રાવ મંદિરમાં બાંધકામ સહાયક છે. તેઓ રામ મંદિરના સંચાલન માટે જવાબદાર છે. તેઓ દર્શન અને આરતી પાસની વ્યવસ્થા માટે પણ જવાબદાર છે. તેઓ દાનની ગણતરીનો પણ હવાલો સંભાળતા હતા. તેમના પર દાનપેટી અને સોના-ચાંદીના દુરુપયોગના આરોપો લાગ્યા છે. SIT એ ગોપાલ રાવની ઘણી વખત પૂછપરછ કરી છે.

રામ મંદિરમાંથી ૨૦૦ ચાંદીની ઈંટો ગુમ થઈ હોવાના આરોપો છે. વિશ્વ સિંધી સેવા સંગમ દ્વારા આ ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે અને ૨૦૦ કિલોગ્રામ ચાંદીના દાનમાં ખુલાસો માંગવામાં આવ્યો છે. ૨૦૦ કિલોગ્રામ ચાંદીની ઈંટ ૨૦૨૧ માં દાનમાં આપવામાં આવી હતી. હાલમાં, તેની કિંમત ૫ કરોડ રૂપિયાથી વધુ છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે સિંધી સેવા સંગમને દાનની કોઈ રસીદ મળી નથી. રામ લલ્લાને પણ ૬૦ કિલોગ્રામ ચાંદીના પથ્થરો દાનમાં આપવામાં આવ્યા હતા. જો કે, એવું જાણવા મળ્યું છે કે SITને તેની તપાસ દરમિયાન તેમાંથી કોઈ મળ્યું નથી. નોર્થ ઈન્ડિયા જ્વેલર્સ એસોસીએશનના પ્રમુખ અનુરાગ રસ્તોગી પાસે રસીદો છે. દેશભરનાં જ્વેલર્સ પાસેથી ૧૦-૨૦ ગ્રામના વધારામાં ૬૦ કિલોગ્રામ ચાંદી એકઠી કરવામાં આવી હતી. આશરે ૧.૫ કરોડ રૂપિયાની ચાંદી ગાયબ થવાથી ખળભળાટ મચી ગયો છે.

રામ લલ્લાને દાનમાં આપેલો હીરાજડિત હાર ગુમ થયો છે. જૌનપુરના એક ભક્તે મુંબઈમાં કરોડો રૂપિયામાં તે બનાવડાવ્યો હતો અને પછી ટીનુ યાદવ દ્વારા રામ લલ્લાને ભેટ આપ્યો હતો. ભક્ત દ્વારા દાનમાં આપેલ સોનાની ચરણ પાદુકા પણ ગુમ થઈ ગઈ છે. એવો દાવો કરવામાં આવે છે કે પાદુકા ૧ કિલો સોના અને ૭ કિલો ચાંદીથી બનેલી હતી. જ્યારે SIT એ રામ મંદિરના પૂજારીને ગળાનો હાર અને ચરણ પાદુકા વિશે પૂછપરછ કરી, ત્યારે તેમણે કહ્યું કે તેમણે બંને રામશંકર યાદવ, જેને ટીનુ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમને પરત કરી દીધા છે. SIT એ ટીનુ યાદવને બે કિંમતી વસ્તુઓ વિશે પણ પૂછપરછ કરી, જેમણે સોનાનાં આભૂષણોને ઈંટોમાં ઓગાળવાનું કબૂલ્યું અને કહ્યું કે કેડી તિવારી આભૂષણોનો સંગ્રહ કરવા માટે જવાબદાર હતા અને તેમને જાણ કરી હતી. જો કે, કેડી તિવારીને સોનાની ઈંટ કે કોઈ રસીદ મળી ન હતી. એવા પણ દાવાઓ છે કે પ્રસાદ તરીકે દાનમાં આપેલા ઘણા સોના અને ચાંદીનાં આભૂષણો ચોરાઈ ગયાં હતાં. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે સોનાની ગદા અને અનેક કિંમતી રામ શિલા ગુમ છે. સૂત્રો સૂચવે છે કે SITએ તેની તપાસ દરમિયાન મહત્ત્વપૂર્ણ પુરાવાઓ શોધી કાઢ્યા છે. એવું કહેવાય છે કે નોટોની ગણતરીથી લઈને CCTV કેમેરામાં છેડછાડ સુધીના વિવિધ સ્તરે ગેરરીતિઓ સામે આવી છે. દાન ચોરી કૌભાંડ બાદ ટ્રસ્ટ વિશે અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. ટ્રસ્ટની રચના પછી, જ્યારે આંતરિક ઓડિટરને દાનનું ઓડિટ કરવાનું કહેવામાં આવ્યું હતું, ત્યારે આંતરિક ઓડિટરે ગેરરીતિઓની વિગતો આપતો અહેવાલ રજૂ કર્યો હતો. આ અહેવાલને સંપૂર્ણપણે અવગણવામાં આવ્યો હતો. ત્યારબાદ એક નવા આવનારને ટ્રસ્ટના CA તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તેમને એકાઉન્ટિંગનું કામ સોંપવામાં આવ્યું હતું. ટ્રસ્ટના અધિકારીઓને કહેવામાં આવ્યું હતું કે જો ઓડિટ માટે કોઈ મોટી પેઢીને રાખવામાં આવે તો તેના કર્મચારીઓને ભારે પગાર આપવો પડશે. તેમને વીમા અને પેન્શન જેવા ખર્ચાઓનો સામનો કરવો પડશે. તેથી સ્થાનિક લોકોને ઓછા પૈસામાં રાખવામાં આવ્યા હતા અને નજીકના સહયોગીઓને દાન ગણવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ખજાનચી ગોવિંદ દેવ ગિરી હજુ સુધી SIT સમક્ષ હાજર થયા નથી. અત્યાર સુધીમાં SIT એ દાન ગણતરીમાં સામેલ તમામ કર્મચારીઓ અને બેંક કર્મચારીઓ સહિત તમામ ટ્રસ્ટ અધિકારીઓની પૂછપરછ કરી છે. SIT દાનનું ઓડિટ કરનાર કર્મચારી ટીનુ યાદવ અને કેટલાંક બેંક કર્મચારીઓને જેલમાં મોકલી શકાય છે. જે અધિકારીઓની બેદરકારીને કારણે ચોરી થઈ હતી તેમને રામ મંદિરનો વહીવટ કરતા ટ્રસ્ટમાંથી હાંકી કાઢવામાં આવી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**આ કેસમાં હજુ સુધી કોઈને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા નથી. SIT એ વિગતવાર તપાસ કરવા માટે વધારાના સમય અને સહાયક અધિકારીઓની વિનંતી કરી છે**

## અનુસંધાન ... પાના પહેલાનું

### ચોમાસામાં 43%ની...

છે, જેના કારણે ખેડૂતો પાસે ખરીફ પાકના વાવેતર માટે ખૂબ ઓછો સમય બચશે. 22 જૂન સુધીમાં દેશમાં કુલ વાવેતર વિસ્તારના 10 ટકાથી પણ ઓછા ભાગમાં એટલે કે 11.99 મિલિયન હેક્ટરમાં વાવેતર થયું છે, જે ગયા વર્ષના 11.79 મિલિયન હેક્ટર કરતાં સહેજ વધુ છે.

નબળા ચોમાસાની શક્યતા હોવા છતાં, દેશ કોઈપણ પડકારનો સામનો કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે, એમ કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પત્રકારોને જણાવ્યું હતું અને ખેડૂતોને કહ્યું હતું કે ગભરાવાની જરૂર નથી.

કેન્દ્રીય મંત્રીએ ખાતરી આપી છે કે ચાલુ સીઝન માટે દેશમાં બિયારણ અને ખાતરની ઉપલબ્ધતા સંપૂર્ણપણે પર્યાપ્ત છે.

કૃષિ મંત્રાલયે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન સહિત 12 રાજ્યોના 315 જિલ્લાઓમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની સંભાવના દર્શાવી છે. આમાંથી 111 જિલ્લાઓ (જેમાં મહારાષ્ટ્રના 20 જિલ્લા સામેલ છે) એવા છે જ્યાં સિંચાઈની સુવિધા 25 ટકાથી પણ ઓછી હોવાથી તેને 'અતિ સંવેદનશીલ' શ્રેણીમાં રાખવામાં આવ્યા છે. અન્ય 76 જિલ્લાઓ મધ્યમ અને 128 જિલ્લાઓ ઓછા સંવેદનશીલ છે. મંત્રીએ કહ્યું કે, 'વરસાદ ખેંચાઈ ગયો હોવાથી અમે ખેતરો ખાલી રહેવા નહીં દઈએ અને ખેડૂતોને ઓછા પાણીની જરૂર પડે તેવા કઠોળ, તેલીબિયાં તેમજ બરછટ અનાજ જેવા વૈકલ્પિક પાકો તરફ વળવા સૂચન કરીશું.'

### અમેરિકાની નાગરિકતા...

(નાગરિકત્વ માટેની અરજી) પેપર ફાઈલિંગ ફીમાં ૭૫% નો વધારો થશે, જે $૭૬૦ થી વધીને $૧,૩૩૦ (આશરે રૂ. ૧,૧૦,૦૦૦) થઈ જશે. ફોર્મ N-400 ઓનલાઈન ફાઈલિંગ માટેની ફીમાં ૮૦% નો વધારો થશે, જે $૭૧૦ થી વધીને $૧,૨૮૦ (આશરે રૂ. ૧,૦૬,૦૦૦) થઈ જશે. નાગરિકત્વ નકારવામાં આવે ત્યારે અપીલ કરવાની ફીમાં $૬૪૫ નો વધારો થશે. પેપર અરજી માટે આ ફી $૮૩૦ થી વધીને $૧,૪૭૫ અને ઓનલાઈન માટે $૭૮૦ થી વધીને $૧,૪૨૫ થઈ જશે. ભૂતકાળમાં, ઓછી આવક ધરાવતા કાયમી રહેવાસીઓ પણ નાગરિકત્વ મેળવી શકે તે માટે USCIS દ્વારા આર્થિક રાહત આપવામાં આવતી હતી. આ નવા નિયમ હેઠળ આ ફોર્મ્સ માટેની રાહતો સંપૂર્ણપણે નાબૂદ કરવાની યોજના છે. ઓછી આવક ધરાવતા અરજદારોને મફતમાં અરજી કરવા દેતી આવક-આધારિત ફી માફીની સિસ્ટમ હટાવી દેવામાં આવશે. અમેરિકામાં લાખો ભારતીયો હંગામી વિઝાઓ પર વસે છે અને તેનો નાગરિકતા માટે અરજી કરતા હોય છે આથી ભારતીય સમુદાય પર આની મોટી અસર થઈ શકે છે.

આ નિયમ હજુ લાગુ થયો નથી. આ માત્ર એક પ્રસ્તાવિત નિયમ તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો છે અને તેના પર જનતાના અભિપ્રાય માટે ૬૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે.

### હોર્મુઝનો માર્ગ...

વિશ્વનો 5મો ભાગનો ક્રૂડ ઓઈલ અને એલએનજી (LNG) સપ્લાય અહીંથી જ પસાર થાય છે.

ઈરાન પરથી અમેરિકી પ્રતિબંધો હટવા અંગે જયસ્વાલે સ્પષ્ટ કર્યું કે ભારતની ઉર્જા નીતિ હંમેશા રાષ્ટ્રીય હિતથી પ્રેરિત રહે છે અને દેશના 1.4 અબજ લોકોને પોસાય તેવા ભાવે ઉર્જા સ્ત્રોતો મળી રહે તે સરકારની પ્રાથમિકતા છે. અન્ય પ્રશ્નોના જવાબમાં તેમણે જણાવ્યું કે ભારત પેલેસ્ટાઈન સાથે દાયકાઓ જૂના સારા સંબંધો ધરાવે છે અને દ્વિપક્ષીય તેમજ સંયુક્ત રાષ્ટ્રના માધ્યમથી તેમને માનવતાવાદી સહાય આપતું રહેશે. આ ઉપરાંત, તેમણે ભારત-યુએઈ વચ્ચે વધતી સંરક્ષણ ભાગીદારીને પણ ખૂબ મહત્વની ગણાવી હતી.

### મંગેતર અને પ્રેમીએ...

તેમ પોલીસે જણાવ્યું હતું. સિયાએ લોનાવાલા ગ્રામ્ય પોલીસને જણાવ્યું હતું કે આ કપલ હિલ ફોર્ટ પર ફરવા ગયું હતું ત્યારે કેતન લપસીને પડી ગયો હતો, ત્યારબાદ અકસ્માતે મોતનો ગુનો નોંધવામાં આવ્યો હતો. પુણે ગ્રામ્યના પોલીસ અધિક્ષક (SP) સંદીપ સિંહ ગિલે મંગળવારે જણાવ્યું હતું કે મૃત્યુની આસપાસના સંજોગો શંકાસ્પદ જણાતા પોલીસે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી.

પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે સિયા અને તેના પ્રેમી ચેતન બાબુલાલ ચૌધરીએ કેતનને મોતને ઘાટ ઉતારવા માટે ધક્કો માર્યો હતો અને તેને અકસ્માત તરીકે દર્શાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, અમારી ટીમોએ નાણાકીય વિવાદો અને અંગત સંબંધો સહિત અનેક ખૂણાઓથી તપાસ કરી હતી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે ગોયલ પુણેના કોંઢવાના રહેવાસી અન્ય એક યુવક ચેતન બાબુલાલ ચૌધરી (૨૨) સાથે સંબંધમાં હતી.

પોલીસે જણાવ્યું હતું કે, તપાસમાં સામે આવ્યું છે કે સિયા અગ્રવાલ સાથે લગ્ન કરવા ઈચ્છતી ન હતી અને તેને ચૌધરી સાથેના પોતાના સંબંધોમાં અવરોધ માનતી હતી. પોલીસે જણાવ્યું હતું કે, બંનેએ કથિત રીતે અગ્રવાલને રસ્તામાંથી હટાવવાનું કાવતરું ઘડ્યું હતું અને યોજનાના ભાગરૂપે, સિયા તેને ફરવાના બહાને લોહગઢ કિલ્લા પર લઈ ગઈ હતી, જ્યારે ચૌધરીને પાછળથી ત્યાં બોલાવવામાં આવ્યો હતો. ત્યારબાદ બંનેએ કથિત રીતે કેતનને કિલ્લા પરથી નીચે ધકેલી દીધો હતો, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું, તેમ પોલીસે જણાવ્યું હતું.

શંકાના આધારે સ્થાનિક ક્રાઈમ બ્રાંચે ચૌધરીને કસ્ટડીમાં લીધો હતો. પૂછપરછ દરમિયાન સામે આવ્યું હતું કે કેતન, ચૌધરી અને સિયાના સંબંધોમાં અવરોધ બની રહ્યો હોવાથી તેઓએ તેને રસ્તામાંથી હટાવવાનો પ્લાન બનાવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, ચૌધરીની પૂછપરછના આધારે સિયાની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ હત્યા કેસથી ઈંદોરના રાજા રઘુવંશીની હત્યા તેની સોનમ અને તેના પ્રેમીએ હનીમૂન વખતે કરી હતી તેની યાદ તાજી થઈ છે.

### રાજ્યોને પાણીનો...

જણાવ્યું છે. ઓળખાયેલા રાજ્યોમાં પાક વીમા યોજના અને કિસાન ક્રેડિટ કાર્ડ હેઠળ વ્યાપક નોંધણી કરાવવા માટે અપીલ કરવામાં આવી છે. સરકારે રિયલ-ટાઇમ મોનિટરિંગ માટે એક 'અલ


ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
રોમાંન્ચક લવસ્ટોરી.. મ્યુઝીકલ



કોકટેલ ભાગ-2
શાહીદ કપૂર, રશ્મિકા મંદાના, કૃતિ સેનન
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે : ૯.૩૦
વિક્રમભટ્ટનું હોરર સસ્પેન્સ



હોન્ટેડ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત



કોકટેલ-2
૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૩૦, ૬.૦૦, ૭.૩૦, રાત્રે ૯.૩૦, ૧૦.૧૫
જીંદગી વન્સ મોર
(ગુજરાતી) ૪.૦૦, ૭.૦૦, રાત્રે : ૯.૪૫
હોન્ટેડ ૧:૦૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ત્રીજી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
રોમેન્ટિક લવસ્ટોરી



કોકટેલ - 2
૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧૨.૩૦, ૨.૩૦, ૩.૦૦, ૩.૩૦, ૫.૨૦, ૬.૦૦, ૬.૩૦, ૭.૦૦, રાત્રે : ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦
ફેમિલી ગુજરાતી



જીંદગી વન્સ મોર
સિદ્ધાર્થ રાંદેરિયા
૯.૦૦, ૧૨.૦૦, ૨.૦૦, ૩.૫૦, ૫.૩૦, ૭.૦૦, રાત્રે : ૯.૩૫, ૧૦.૦૦
ગુજરાતી ફેમિલી
બધુ ઓલરાઈટ છે
૯.૦૦, ૧૨.૫૦, ૨.૩૫, રાત્રે : ૮.૦૫
હૈ જવાની તો ઈશ્ક હોના હૈ
૯.૧૦, ૧૨.૦૦, ૨.૧૦, ૩.૫૦, રાત્રે : ૧૦.૩૫
Toy Story - 5
(હિન્દી) ૯.૩૦, ૩.૦૦, ૫.૦૦
ભારત ભાગ્ય વિધાતા
સવારે : ૧૧.૩૫, રાત્રે ૮.૧૦
ગવર્નર ૧૧.૫૦, ૪.૪૦, રાત્રે: ૮.૧૦
પેડ્ડી ૧૧.૩૦, ૪.૪૦, ૬.૩૦, રાત્રે :૧૦.૦૦
કૃષ્ણાવતારામ-1 (હિન્દી) : સવારે ૯.૧૦



"Save Energy For Benefit Of Self & Nation"
DGVCL
**દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
CIN U40102GJ2003SGC042909
વ્યારા વિભાગીય કચેરી (સં અને નિ)
૬૬ કેવી કમ્પાઉન્ડ, એન.એચ ૬ ધુલિયા રોડ, વ્યારા, જીલ્લો: તાપી, પીનકોડ-૩૯૪૬૫૦
Vyara, Dist-Tapi, Pin:394650 ઇમેલ આઈડી:-Do.vyara@gebmail.com

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેર સુચના**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે ડી.જી.વી.સી.એલ દ્વારા ૧૧ કેવી લાઈનનું જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખ તથા સમયે તે સબસ્ટેશન માંથી ફીડર પરથી વીજ પુરવઠો મળી શકશે નહી.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ ડીવીઝન | ફોલ્ટ સેન્ટર નં | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી વીરપુર | ૧૧ કેવી વાંકલા જેજીવાય<br>૧૧ કેવી ધાણી એજી<br>૧૧ કેવી બેડચિત એજી | ડોલવણ | ૧૯૧૨૩ | ૨૫.૦૬.૨૦૨૬/ગુરૂવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨ | ૬૬ કેવી સીસોર | ૧૧ કેવી કાકરાપાર જેજીવાય<br>૧૧ કેવી કાલાવ્યારા એજી | વ્યારા ગ્રામ્ય | ૧૯૧૨૩ | ૨૫.૦૬.૨૦૨૬/ગુરૂવાર | ૦૭:૦૦ થી ૧૫:૦૦ |
| ૩ | ૬૬ કેવી વ્યારા | ૧૧ કેવી આદિત્ય જેજીવાય<br>૧૧ કેવી વીરપુર એજી | વ્યારા ગ્રામ્ય | ૧૯૧૨૩ | ૨૫.૦૬.૨૦૨૬/ગુરૂવાર | ૦૭:૦૦ થી ૧૫:૦૦ |
| ૪ | ૬૬ કેવી માંડળ | ૧૧ કેવી ધરતી ઇન્ડસ્ટ્રીયલ ફીડર | સોનગઢ | ૧૯૧૨૩ | ૨૫.૦૬.૨૦૨૬/ગુરૂવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૫ | ૬૬ કેવી વડપાડા પ્ર ઉમરદા | ૧૧ કેવી ટેમકા જેજીવાય<br>૧૧ કેવી ગુનખડી એજી | સોનગઢ | ૧૯૧૨૩ | ૨૫.૦૬.૨૦૨૬/ગુરૂવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૬ | ૬૬ કેવી જામખડી | ૧૧ કેવી ભરાડદા જેજીવાય<br>૧૧ કેવી મેઢા એજી<br>૧૧ કેવી જામખડી એજી | સોનગઢ | ૧૯૧૨૩ | ૨૬.૦૬.૨૦૨૬/શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦ ૦ |
| ૭ | ૬૬ કેવી વડપાડા પ્ર ટોકરવા | ૧૧ કેવી બોરકૂવા જેજીવાય<br>૧૧ કેવી કાણાદેવી જેજીવાય<br>૧૧ કેવી ચાકવણ એજી<br>૧૧ કેવી કાલાઘાટ એજી | સોનગઢ | ૧૯૧૨૩ | ૨૬.૦૬.૨૦૨૬/શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૮ | ૬૬ કેવી જેસિંગપુરા | ૧૧ કેવી ગડત જેજીવાય<br>૧૧ કેવી ભોજપુર એજી | ડોલવણ | ૧૯૧૨૩ | ૨૬.૦૬.૨૦૨૬/શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૯ | ૬૬ કેવી ગુણસદા | ૧૧ કેવી ક્વોરી ઇન્ડસ્ટ્રીયલ ફીડર | સોનગઢ | ૧૯૧૨૩ | ૨૭.૦૬.૨૦૨૬/શનિવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૦ | ૬૬ કેવી મલંગદેવ | ૧૧ કેવી ચીમેર જેજીવાય<br>૧૧ કેવી રાસમતી જેજીવાય<br>૧૧ કેવી મલંગદેવ એજી | સોનગઢ | ૧૯૧૨૩ | ૨૭.૦૬.૨૦૨૬/શનિવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૧ | ૬૬ કેવી ડોલવણ | ૧૧ કેવી સેવાસદન જેજીવાય<br>૧૧ કેવી પંચોલ એજી<br>૧૧ કેવી કણધા જેજીવાય | ડોલવણ | ૧૯૧૨૩ | ૨૭.૦૬.૨૦૨૬/શનિવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |

નોંધઃ કામ પૂર્ણ થયા બાદ કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.
કાર્યપાલક ઇજનેર (સં.અને નિ) વ્યારા વિભાગીય કચેરી, દ.ગુ.વિ.કં.લિ
એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર સી સી બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.



DGVCL
**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
રજી. અને કોર્પોરેટ કચેરી: 'ઊર્જા સદન'
નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત - ૩૯૫૦૦૬
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**ખેતી વિષયક ફીડરોના વીજ પુરવઠાના સમયમાં ફેરફાર અંગેની જાહેરખબર**

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડના ભરુચ અને નર્મદા જિલ્લા હેઠળ આવતા દરેક ૬૬ કેવી સબ સ્ટેશન ના ખેતી વિષયક ફીડરો માટે દ.ગુ.વી.કં.લિ. દ્વારા તા. ૨૪.૦૬.૨૦૨૬ થી નીચે જણાવેલ ગ્રુપ પ્રમાણે વીજ પુરવઠો આપવાના સમયમાં ૮ કલાક ને બદલે ૧૦ કલાક કરવામાં આવેલ છે.

| જિલ્લાનું નામ | હાલના ગ્રુપનું નામ | હાલનો સમય | ફીડરોની સંખ્યા | અમલમાં આવતા ગ્રુપનો સમય |
|---|---|---|---|---|
| ભરુચ | ડીબી.૨ | ૦૫:૦૦ થી ૧૩:૦૦ | ૧ | ૦૫:૦૦ થી ૧૫:૦૦ |
| | ડીબી. એસ ૧ | ૦૮:૦૦ થી ૧૬:૦૦ | ૮ | ૦૬:૦૦ થી ૧૬:૦૦ |
| | ડીબી. એસ ૨ | ૦૮:૩૦ થી ૧૬:૩૦ | ૧૮ | ૦૬:૩૦ થી ૧૬:૩૦ |
| | ડીબી. એસ ૩ | ૦૯:૦૦ થી ૧૭:૦૦ | ૧ | ૦૭:૦૦ થી ૧૭:૦૦ |
| | ડીબી. કે ૧ | ૦૮:૩૦ થી ૧૬:૩૦ | ૧૩ | ૦૬:૩૦ થી ૧૬:૩૦ |
| | ડીબી. કે ૨ | ૦૮:૩૦ થી ૧૬:૩૦ | ૯ | ૦૬:૩૦ થી ૧૬:૩૦ |
| | ડીબીજી. | ૦૭:૦૦ થી ૧૫:૦૦ | ૮૩ | ૦૬:૦૦ થી ૧૬:૦૦ |
| | ડીબીજી. ૨ | ૦૮:૦૦ થી ૧૬:૦૦ | ૨ | ૦૭:૦૦ થી ૧૭:૦૦ |
| | ડીએસજી. | ૦૭:૦૦ થી ૧૫:૦૦ | ૩ | ૦૭:૦૦ થી ૧૭:૦૦ |
| નર્મદા | ડીએનજી. | ૦૭:૦૦ થી ૧૫:૦૦ | ૪૨ | ૦૭:૦૦ થી ૧૭:૦૦ |
| | ડીએન.૧ | ૧૩:૦૦ થી ૨૧:૦૦ | ૭ | ૧૧:૦૦ થી ૨૧:૦૦ |
| | ડીએન.૨ | ૦૫:૦૦ થી ૧૩:૦૦ | ૪ | ૦૫:૦૦ થી ૧૫:૦૦ |
| | ડીએનકે.૧ | ૦૮:૩૦ થી ૧૬:૩૦ | ૧૪ | ૦૬:૩૦ થી ૧૬:૩૦ |
| | ડીએનકે.૨ | ૦૮:૩૦ થી ૧૬:૩૦ | ૯ | ૦૬:૩૦ થી ૧૬:૩૦ |
| | ડીટીકે ૧ | ૦૮:૦૦ થી ૧૬:૦૦ | ૧ | ૦૬:૦૦ થી ૧૬:૦૦ |

સદર ગ્રુપ પ્રમાણે વીજ પુરવઠાના સમયનો અમલ તા. ૨૪.૦૬.૨૦૨૬ થી ૦૦:૦૦ કલાક થી કરવામાં આવશે. ઉપર જણાવેલ ગ્રુપ પ્રમાણે ખેતી વિષયક ફીડરોની વિગત જે તે વર્તુળ/ વિભાગીય/ પેટા વિભાગીય કચેરીઓના નોટિસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. જેની ખેતીવાડી વીજવપરાશ કરતાં ગ્રાહકોએ નોંધ લેવા નમ્ર વિનંતી છે.
વિશેષ મુખ્ય ઇજનેર (સી.એન્ડ આર.), દ.ગુ.વી.કં.લિ., સુરત
એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી નો ઉપયોગ કરો અને વીજ અકસ્માતો ટાળો